# ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ

(An ISO 9001:2015 Company)CIN U40109GJ2004SGC045195

રજી. અને કોર્પોરેટ ઓફિસ: સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસ કોર્સ, વડોદરા-૩૯૦૦૦૭

| | | |
|---|---|---|
| Email: cetech.guvnl@gebmail.com<br>sesolar.guvnl@gebmail.com | web site: www.guvnl.com | Tele (Di) : (0265) 2340205<br>PBX : (0265) 2310582 to 86<br>FAX : (0265) 2337918, 2338164 |



નં. GUVNL/Tech/Solar-Cell/PM-KUSUM-B/૧૬૭૧ તારીખ: ૨૮/૦૮/૨૦૨૦

પરિપત્ર: PMKUSUM- Component-B Implementation and Operational Guideline

**વિષય: રાજ્યમાં પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ-B હેઠળ સ્ટેન્ડ એલોન ઓફ ગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજનાના અમલીકરણ માટે વીગતવાર માર્ગદર્શિકા**

રાજ્ય સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ઠરાવ ક્રમાંક: બજટ/૨૦૧૪/૧૪૪૭/બ૧ તા.૧૯/૬/૨૦૨૦ થી ખેડૂતોના લાભાર્થે કેન્દ્ર સરકારની પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન **(PM-KUSUM)** યોજનાના **કોમ્પોનન્ટ-B** હેઠળ સ્ટેન્ડ એલોન ઓફ ગ્રીડ સોલાર **ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની** યોજના જાહેર થયેલ છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ (GUVNL)ને આ યોજનાના અમલીકરણ માટે 'સ્ટેટ નોડલ એજન્સી' નીમવામાં આવેલ છે. આ યોજનાની અમલવારી જે તે વિસ્તારની વીજ વિતરણ કંપની દ્વારા કરવામાં આવશે.

આ યોજનાના એકસરખા અને સફળ અમલીકરણ માટે રાજ્ય સરકારના ઉપરોક્ત ઠરાવ અને કેન્દ્ર સરકારના મીનીસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી (MNRE) દ્વારા બહાર પાડેલ ગાઈડ લાઇન મુજબ નીચે દર્શાવેલ વીગતવાર માર્ગદર્શિકાને આધીન અમલીકરણ કરવાનું રહેશે.

A. **આ યોજનામાં જ્યાં ગ્રીડ સપ્લાય ઉપલબ્ધ નથી તેવા ઓફ ગ્રીડ વિસ્તારમાં પિયત માટે/હયાત ડીઝલથી ચાલતા પંપ સેટને બદલવા માટે ખેડૂતોને સ્ટેન્ડ એલોન સોલાર એગ્રીકલ્ચર પંપ સ્થાપિત કરવા માટે સહાય કરવામાં આવશે. આ યોજનામાં હયાત ગ્રીડથી વીજજોડાણ આપવુ ટેક્નીકલી શક્ય ન હોય તેમજ કોમર્શીયલી વાયેબલ (વ્યવહારૂ) ન હોય તેવા દુર-સુદુરના વિસ્તાર, જંગલ, ઓફ ગ્રીડ વિસ્તારમાં ડીઝલથી ચાલતા પંપ સેટને બદલવા માટે ખેત તલાવડી તથા સરફેસ વોટરથી પિયત સુવિધા ધરાવતા અરજદારોનો સમાવેશ કરવામાં આવશે.**

B. **આ યોજનામાં સોલાર ફોટોવોલ્ટેઇક સંચાલિત ઓફ ગ્રીડ આધારીત, કૃષિ હેતુ ૧ હો.પા., ૨ હો.પા., ૩ હો.પા., ૫ હો.પા., ૭.૫ હો.પા. અને ૧૦ હો.પા.ના DC /AC સબમર્સીબલ પંપ (વોટર ફિલ્ડ**

**મોટર્સ), સરફેસ પંપ અને સબમર્સીબલ પંપ (ઓઈલ ફિલ્ડ મોટર્સ) સોલાર પંપનો સમાવેશ થઇ શકશે.**

C. આ યોજના હેઠળ પિયત સહકારી મંડળી/સંગઠન અને ક્લસ્ટર આધારિત સિંચાઈ સિસ્ટમ પણ આવરી લેવામાં આવશે. જો કે, નાના અને સીમાંત ખેડુતોને પ્રાધાન્ય આપવામાં આવશે.

આ માટે નાના અને સીમાંત ખેડૂતો (૨ હેકટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતો) ને અગ્રતાક્રમ આપવામાં આવશે. જે માટે અરજી નોંધણી વખતે અરજી પત્રકમાં જમીનનું ક્ષેત્રફળ દર્શાવવાનું રહેશે. જેને માટે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે પ્રમાણપત્ર રજુ નહીં કરનારને અગ્રતા આપવામાં આવશે નહીં.

D. સિંચાઇના હેતુ માટે પાણીનો ઉપયોગ ઓછો કરવા માટે, સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિઓનો ઉપયોગ કરતા અથવા સૂક્ષ્મ સિંચાઇ યોજનાઓ હેઠળ આવરી લેનારા અથવા સૂક્ષ્મ સિંચાઇ સિસ્ટમની યોજનામાં જોડાનાર ખેડુતો/અરજદારોને પ્રાધાન્ય આપવામાં આવશે.

આ માટે અરજદારના ખેતરમાં જો સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હયાત હોય તો અરજી નોંધણી વખતે સૂક્ષ્મ સિંચાઈ સિસ્ટમ માટે GGRCનું ટ્રાયલ રન સર્ટીફીકેટ અથવા જો અરજદાર સૂક્ષ્મ સિંચાઇ સિસ્ટમની યોજનામાં જોડાનાર હોય તો GGRCમાં નોંધણી ક્રમાંક અને જમા કરાવેલ અરજીનું GGRC નું પ્રમાણ સાથે જોડવાનો રહેશે. આ બાબતે એજન્સીએ ખરાઇ કરી અરજીમાં વિગત નોંધવાની રહેશે.

આવા અરજદારોએ સોલરપંપની રજીસ્ટ્રેશન ડિપોજીટ ભર્યા પછીના 30 દિવસમાં સૂક્ષ્મ સિંચાઇ સિસ્ટમ માટે GGRC માં ભરેલ ફાળાની પહોંચ અને GGRC દ્વારા મંજૂર કરેલ TPA ની નકલ જે તે પેટાવિભાગીય કચેરીમાં જમા કરાવવાની રહેશે અને એજન્સીએ પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે. સોલરપંપની રજીસ્ટ્રેશન ડિપોજીટ ભર્યા પછીના કુલ ૬0 દિવસમાં સૂક્ષ્મ સિંચાઈ સિસ્ટમ સ્થાપીત કરી GGRCનું ટ્રાયલ રન સર્ટીફીકેટ જમા કરવાનું રહેશે. અન્યથા લગાડેલ સોલર પંપ પરત લેવાની કાર્યવાહી કરવાની રહેશે.

E. આ યોજનામાં લાભાર્થીને કુલ સીસ્ટમ ખર્ચના ૩૦% રકમ કેન્દ્ર સરકારની સહાય **(CFA)** તરીકે, ૩૦% રકમ રાજ્ય સરકારની સહાય (સબસીડી) તરીકે આપવામાં આવશે અને બાકીની ૪૦% રકમ લાભાર્થી એટલે કે ખેડુતે ભોગવવાની રહેશે.

ઉપરોક્ત સબસીડી/**CFA** ૭.૫ હો.પા. ની ક્ષમતા સુધીના પંપસેટ માટે મર્યાદિત રહેશે. ૭.૫ હો.પા. થી ઉપરની ક્ષમતાના પંપસેટ માટે ૭.૫ હો.પા. ના પંપસેટને મળવા પાત્ર સબસીડી લાગુ પડશે અને તફાવતની રકમ લાભાર્થીએ ભરવાની રહેશે.

સબમર્સીબલ પંપ (Oil Filled Motors) ના CFA /**સબસિડીની** ગણતરી માટે વોટરફિલ્ડ મોટર (Water Filled Motors) ના નિયત દર ગણતરીમાં લેવામાં આવશે. Oil Filled સબમર્સીબલ મોટર પંપ માટે CFA અને સબસિડીના તફાવતની રકમ અરજદારે ભોગવવાની રહેશે.

સોલર પંપ માટે, પંપની ક્ષમતા, ટાઈપ, કેટેગરી મુજબ માન્ય એજંસીઓની યાદી પરિશિષ્ટ-'ક' માં દર્શાવેલ છે.

કેપેસીટી વાઈઝ સોલાર વોટર પમ્પનું ભાવ પત્રક, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સબસીડી તથા ખેડૂતે નિયમાનુસાર ચૂકવવાપાત્ર ફાળાની રકમની ગણતરી નીચે મુજબના પરિશિષ્ટમાં દર્શાવેલ છે.

પરિશિષ્ટ-'ખ-1':- સબમર્સિબલ પંપ (વોટર ફિલ્ડ ) માટે,
પરિશિષ્ટ-'ખ-2':- સરફેસ પંપ માટે,
પરિશિષ્ટ-'ખ-3':- સબમર્સિબલ પંપ (ઓઇલ ફિલ્ડ ) માટે

F. ડાર્કઝોન વિસ્તારમાં નવા પંપ સેટને મંજુર કરવામાં આવશે નહી પરંતુ હયાત ડીઝલ પંપ સેટને સોલાર પંપમાં રૂપાંતરીત કરવા માટે અરજદારોએ સરકારશ્રીનાં પ્રવર્તમાન ધારાધોરણો અનુસાર સુક્ષ્મ પિયત પધ્ધતિનો અમલ કરવાનો રહેશે.

G. વધુમાં જયારે પણ ઓફ ગ્રીડ વિસ્તારમાં કૃષિ વીજ જોડાણો માટેની વીજ ગ્રીડની આંતર માળખાકીય સુવિધાઓ પહોંચે ત્યારે આવા ઓફ-ગ્રીડ સોલાર વોટર પંપને ગ્રીડની ક્ષમતાના આધારે ગ્રીડ સાથે સરપ્લસ વીજળી ફીડ(FEED) કરવા જોડી શકાય. આ સરપ્લસ વીજળી સંબધિત વીજ વિતરણ કંપની દ્વારા રાજ્ય સરકાર/જીઈઆરસી એ નક્કી કરેલ દરે ખરીદી શકાશે.

H. કેન્દ્ર સરકાર દ્વારા મળવાપાત્ર સબસીડીનો લાભ લેવા માટે DISCOMએ MNREની ગાઈડ લાઈન તથા પરિશિષ્ટ-'ઘ' માં દર્શિત કચેરી યાદી ક્રમાંક (૧) થી (૮) મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

I. આ યોજનામાં વપરાયેલ સોલાર સેલ અને સોલાર મોડ્યુલ ભારતમાં ઉત્પાદિત થયેલ હોવા જોઈએ. એટલેકે, બિન-ભારતીય મૂળના સોલાર સેલ અને/અથવા મોડ્યુલ આ સ્કીમ હેઠળ વાપરી શકાશે નહીં. તદ્ઉપરાંત મોટર પંપ સેટ્સ, કન્ટ્રોલર અને બેલેન્સ ઓફ સિસ્ટમ (BOS) પણ ભારતમાં ઉત્પાદિત થયેલા હોવા જોઈએ. એજન્સીએ (વેન્ડરે) સોલાર વોટર પમ્પિંગ સિસ્ટમના ઉત્પાદન-નિર્માણમાં અને સ્થાપનમાં વાપરેલ આયાતી કંપોનન્ટની સૂચિ સાથેનું એકરારનામું (declaration) સંલગ્ન વીજ વિતરણ કંપનીને પૂરું પાડવાનું રહેશે.

J. યુનિવર્સલ સોલર પમ્પ કંટ્રોલર (USPC) નો ઉપયોગ કરીને સોલાર સિસ્ટમની પ્રસ્થાપિત ક્ષમતાનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકાય છે. જેના દ્વારા સોલાર એનર્જીનો ઘાસ ચારો કાપવા/ફોતરા કાઢવા, ફ્લોર મિલ, કોલ્ડ સ્ટોરેજ, ડ્રાયર અને બેટરી ચાર્જ જેવી અન્ય પ્રવૃત્તિઓ માટે ખેડૂત ઉપયોગ કરી શકે છે જેથી ખેડૂતની આવકમાં વધારો થઈ શકે. ખેડૂતને યુ.એસ.પી.સી. સીસ્ટમ પસંદ કરવાનો વિકલ્પ આપવાનો રહેશે. એમએનઆરઈ થકી **EOI** પ્રક્રિયાથી નિયત કરેલ યુ.એસ.પી.સી. સિસ્ટમનો વધારાનો ખર્ચ ખેડૂતે ભોગવવાનો રહેશે. જે માટે માન્ય એજન્સીની યાદી અને USPC ના ભાવ પરિશિષ્ટ-'ગ' માં દર્શાવ્યા મુજબ રહેશે.

K. આ યોજના હેઠળ મંજુર થયેલ તમામ સોલાર કૃષિ પમ્પ માટે નિયત કરેલ એજન્સી દ્વારા રીમોટ મોનિટરિંગ સિસ્ટમની વ્યવસ્થા MNREની ગાઈડ લાઈન મુજબ કરવાની રહેશે. MNRE/જે તે વીજ વીતરણ કંપનીની સૂચના મુજબ અને ફોર્મેટમાં સોલાર પાવર પ્લાન્ટની કામગીરીના ડેટા ઓનલાઇન એમએનઆરઇ/જે તે વીજ વીતરણ કંપનીને આપવાના રહેશે.

L. **MNRE/ DISCOM** ના અધિકારીઓ અથવા અન્ય નિયુક્ત એજન્સી ચાલુ ઇન્સ્ટોલેશન અથવા સ્થાપિત પ્લાન્ટ્સનું નિરીક્ષણ કરી શકશે. જો ઇન્સ્ટોલ કરેલી સિસ્ટમ ધારા ધોરણો મુજબ ન હોય, સ્થાપનની નબળી ગુણવત્તાને કારણે કાર્યરત ન હોય, અથવા વાર્ષિક મરામત કોન્ટ્રાકટની શરતોનું પાલન ન કરવામાં આવે તો, **MNRE** નિયુક્ત એજન્સીને બ્લેકલિસ્ટ કરવાનો અધિકાર રાખે છે. સંબંધીત વીજ વીતરણ કંપનીના અધિકારીઓએ સ્થળ પર જઈને તમામ પંપ સેટ્સની ચકાસણી કરી લેવાની રહેશે.

M. ઇન્સ્ટોલ કરેલી સિસ્ટમના પરફોર્મન્સ મોનિટરિંગ માટે થર્ડ પાર્ટી દ્વારા ઇન્સ્પેકશન કરાવવાનું રહેશે.

N. **નિયત કરેલ એજન્સીએ હેલ્પલાઇન નંબરની વ્યવસ્થા અને જીલ્લા કક્ષાનું સર્વિસ સેન્ટર કરવાના રહેશે અને સમયસર ફરીયાદ નિવારણની વ્યવસ્થા કરવાની રહેશે.**

**આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા ખેડૂતો/અરજદારો માટેના માપદંડો/ ધારાધોરણો/ શરતો નીચે મુજબ રહેશે :-**

1. આ યોજના અંતર્ગત અરજીની નોંધણી અરજદારે પસંદ કરેલ જે તે માન્ય એજન્સી (Empanelled Agency) દ્વારા સ્ટેટ પોર્ટલ **https://pmkusum.guvnl.com** **ઉપર** **on-line** કરવાની રહેશે. અરજી પત્રકનો નમૂનો પરિશિષ્ટ –'જ' માં દર્શાવ્યા મુજબ રહેશે.

2. જે અરજદારના નામે ઓછામાં ઓછી એક એકર જમીન અને તેમાં બોર/કુવો/ખેત તલાવડી હયાત હશે તેમને જ આ યોજનાનો લાભ મળી શકશે. આમ છતાં જે અરજદારની જમીનમાં

બોર/કુવો/ખેત તલાવડી નહી હોય છતાં અરજી કરેલ હશે તો આવા અરજદારોની અરજીનો અગ્રતાક્રમ હયાત બોર/કુવો/ખેત તલાવડી ધરાવતા અરજદારો પછી રહેશે. તેમજ લાભાર્થીને ફાળો ભરવાની જાણ કર્યા પછી બોર/કુવો/ખેત તલાવડી બનાવવા માટે બે માસનો સમય આપવાનો રહેશે.

3. લાભાર્થી એક જ સર્વે નંબરમાં અથવા પાસ પાસેના સયુંકત સર્વે નંબરો ગણતરીમાં લેતા એક જ માલિકીની કુલ ઓછામાં ઓછી એક એકર જમીન ધરાવતો હશે તો તે સદર યોજનામાં નોંધણી કરાવી શકશે. સદર કીસ્સામાં જમીન એક સાથે હોવી અનીવાર્ય રહેશે તથા લાભાર્થીને ૫ (પાંચ) વર્ષ સુધી કૃષિ હેતુ પરંપરાગત વીજ જોડાણ મળવાપાત્ર રહેશે નહી અને લાભાર્થી કે લાભાર્થીના વારસદારો તેવી માંગણી કરી શકશે નહી.

4. કૃષિ હેતુ પરંપરાગત વીજજોડાણ માટે નોંધાયેલ તમામ અરજીઓ કે જેમાં અંદાજીત રકમ પાઠવેલ હોય અથવા જે અરજદારોએ અંદાજીત રકમ ભરપાઈ કરેલ હોય પરંતુ કામ શરુ ના થયું હોય તથા અગાઉ કૃષિ વીજજોડાણ માટે અરજીની નોંધણી કરાવેલ ન હોય એવા તથા તત્કાલ યોજનામાં વીજ જોડાણ મેળવવા સ્વીચ ઓવર/તબદીલ કરેલ તમામ અરજદારોને આ યોજનાનો લાભ મળી શકશે.

5. રાજ્ય સરકારની અગાઉની સોલાર પંપની યોજનામાં જે અરજદારે અરજી કરેલ હોય તેમને સોલાર પંપ કે પરંપરાગત વીજજોડાણ હજુ સુધી મળેલ ન હોય તેઓ એક મહિનાની નિયત સમય મર્યાદામાં જૂની નોંધણીની પાવતીની ઝેરોક્ષ નકલ સાથે અરજી કરશે તો આવા અરજદારોને અગ્રતા આપવામાં આવશે.

   જંગલ વિસ્તારના અરજદારો કે જેમણે હયાત ગ્રીડથી પરંપરાગત વીજજોડાણ મેળવવા વીજ વિતરણ કંપનીમાં અરજી કરેલ હોય પરંતુ જંગલ વિસ્તારમાં વીજ વિતરણ રેષા ઊભી કરવાની મંજૂરી મળેલ ન હોય તેવી પડતર અરજીઓના અરજદારો જો પરંપરાગત વીજજોડાણના બદલે આ યોજના અંતર્ગત સોલારપંપ સ્થાપવા ઇચ્છે તો તેઓને એક મહિનાની નિયત સમય મર્યાદામાં જૂની અરજી નોંધણીની પાવતીની ઝેરોક્ષ નકલ સાથે અરજી કરશે તો આવા અરજદારોને અગ્રતા આપવામાં આવશે.

   જૂના અરજદારો જૂની અરજીમાં નોંધાયેલ સોલર પંપની માંગણીના હોર્સ પાવરમાં અરજી કરતા સમયે ફેરફાર કરી ૧HP, ૨HP, 3HP, ૫HP, ૭.૫HP અને ૧૦HP સુધીની કોઈપણ ક્ષમતાના AC/DC સોલાર પંપની માંગણી કરી શકશે.

   આ શરત મુજબ લાગુ પડતી અરજીઓને જૂની અરજી તરીકે ગણવામાં આવશે.

6. **<u>સ્ટેટ પોર્ટલ પર ઓન લાઇન નોંધાયેલ બધીજ અરજીઓને નીચે દર્શાવ્યા  મુજબ અગ્રતા ક્રમમાં ગોઠવવામાં આવશે:-</u>**

| જાહેરાતની તારીખથી પ્રથમ  એક મહિના સુધી અરજીના પ્રકારનો અગ્રતા ક્રમ નક્કી કરવાની પદ્ધતિ | | | |
|---|---|---|---|
| **અગ્રતાક્રમ** | **અરજી (જૂની/ નવી)** | **અરજીનો પ્રકાર** | **કૂવો/બોર/ ખેતતલાવડીની સ્થિતિ** |
| **પહેલો** | **જૂની** | સુક્ષ્મ પિયત પધ્ધતિ સાથે | **હયાત છે** |
| **બીજો** | **જૂની** | નાના અને સીમાંત ખેડુતો | **હયાત છે** |
| **ત્રીજો** | **જૂની** | **ઉપરોકત સિવાય અન્ય** | **હયાત છે** |
| **ચોથો** | **નવી** | સુક્ષ્મ પિયત પધ્ધતિ સાથે | **હયાત છે** |
| **પાંચમો** | **નવી** | નાના અને સીમાંત ખેડુતો | **હયાત છે** |
| **છઠો** | **નવી** | **ઉપરોકત સિવાય અન્ય** | **હયાત છે** |
| **સાતમો** | **જૂની** | **ઉપરોકત સિવાય અન્ય** | **હયાત નથી** |
| **આઠમો** | **નવી** | **ઉપરોકત સિવાય અન્ય** | **હયાત નથી** |

| જાહેરાતની તારીખથી પ્રથમ માસ પુર્ણ થયા પછીના દરેક માસે અરજીના પ્રકારનો અગ્રતા ક્રમ નક્કી કરવાની પદ્ધતિ | | | |
|---|---|---|---|
| **અગ્રતાક્રમ** | **અરજી** | **અરજીનો પ્રકાર** | **કૂવો/બોર/ ખેતતલાવડીની સ્થિતિ** |
| **પહેલો** | **જૂની/નવી** | સુક્ષ્મ પિયત પધ્ધતિ સાથે | **હયાત છે** |
| **બીજો** | **જૂની/નવી** | નાના અને સીમાંત ખેડુતો | **હયાત છે** |
| **ત્રીજો** | **જૂની/નવી** | **ઉપરોકત સિવાય અન્ય** | **હયાત છે** |
| **ચોથો** | **જૂની/નવી** | **ઉપરોકત સિવાય અન્ય** | **હયાત નથી** |

i. ઉપરોક્ત શરત 5. માં દર્શાવ્યા મુજબના જૂના અરજદારોએ  જાહેરાતની તારીખથી એક મહિના સુધીમાં સ્ટેટ પોર્ટલ પર ઓન-લાઇન અરજી કરવાની રહેશે. આવી જૂની અરજીનો અગ્રતાક્રમ સ્ટેટ પોર્ટલ નક્કી કરતાં સમયે જૂના અરજદારોમાં સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવતા  અરજદારોને પ્રથમ  અને  નાના અને સીમાંત ખેડુતોને ત્યારબાદ અગ્રતા (પ્રાધાન્ય) આપવામાં આવશે.

ii. જૂની અરજીનો અગ્રતાક્રમ સ્ટેટ પોર્ટલ પર તારીખ અને સમય સાથે નોંધાયેલ નવા અરજદારની અરજી કરતાં આગળ રહેશે. એક મહિનાની સમય મર્યાદા પુર્ણ થયા બાદ પોર્ટલ પર નોંધાયેલ જૂની અરજીઓને આ અગ્રતાક્રમનો લાભ મળવાપાત્ર રહેશે નહીં અને સમય મર્યાદા બહારની આવી જૂની અરજીઓને નવી અરજીની જેમ ગણવામાં આવશે.

iii. નવા અરજદારની અરજીનો અગ્રતાક્રમ સ્ટેટ પોર્ટલ પર તારીખ અને સમય સાથે નોંધાયેલ અરજી પ્રમાણે ઉપરોક્ત અગ્રતા પછી રહેશે અને આ અગ્રતા ક્રમ નક્કી કરતાં સમયે નવા અરજદારોમાં સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવતા અરજદારોને પ્રથમ અને નાના અને સીમાંત ખેડુતોને ત્યારબાદ અગ્રતા (પ્રાધાન્ય) આપવામાં આવશે.

iv. ઉપરોક્ત શરત 2. માં દર્શાવ્યા મુજબ જે અરજદારની જમીનમાં બોર/કુવો/ખેત તલાવડી નહી હોય છતાં અરજી કરેલ હશે તો આવા અરજદારોની અરજીનો અગ્રતાક્રમ હયાત બોર/કુવો/ખેત તલાવડી ધરાવતા ઉપરોક્ત પ્રકારના તમામ અરજદારો પછી રહેશે.

v. પોર્ટલ પર મળેલ ઓન લાઇન અરજીઓને ઉપરોક્ત દર્શાવ્યા મુજબના અગ્રતાક્રમમાં મૂકવાની ગોઠવણ દર મહિનાના અંતે પોર્ટલ પર કરવામાં આવશે. એટલેકે નવા માસમાં મળેલ અરજીઓનો અગ્રતાક્રમ આગળના માસમાં ગોઠવેલ અરજીઓના અગ્રતાક્રમ પછી રહેશે.

vi. અરજીઓને અગ્રતાક્રમમાં ગોઠવ્યા બાદ ચાલુ વર્ષના બજેટ જોગવાઈની મર્યાદામાં શોર્ટ લિસ્ટિંગ કરવામાં આવશે અને બાકીની વધારાની અરજીઓ રદ થવા પાત્ર રહેશે.

vii. શોર્ટ લિસ્ટિંગ કરેલ અગ્રતાક્રમ મુજબની અરજીઓનું લીસ્ટ પોર્ટલ પર જાહેર કરવામાં આવશે અને વીજવીતરણ કંપનીઓએ આ લિસ્ટને પોતાની વેબસાઇટ પર મૂકવાનું રહેશે. ઉપરોકત જાહેર થયેલ લીસ્ટમાં અરજદારનું નામ સાથે જેતે માન્ય એજન્સી (Empanelled Agency) નું નામ અને અન્ય વિગત રહેશે.

viii. માન્ય એજન્સી (Empanelled Agency) એ ઉપરોક્ત લીસ્ટ ડાઉનલોડ કરી તેમની પાસેથી સોલર સિસ્ટમ લગાડવા સંમતિ આપેલ તે અરજદારને રૂ.૧૦૦૦/- ડીપોઝીટ પેટે જે તે પેટા વિભાગીય કચેરીમાં **<u>સાત દિવસની સમય મર્યાદામાં (જાહેર રજાના દિવસો સિવાય) ભરવા તાત્કાલિક જાણ કરવાની રહેશે અને ડિપોઝિટ સમયસર ભરપાઈ થઈ જાય તે જોવાનું રહેશે.</u>**

ix. સંબંધિત જે તે પેટા વિભાગીય કચેરી પણ ઉપરોક્ત લીસ્ટ ડાઉનલોડ કરી લીસ્ટ મુજબના અરજદારને રૂ.૧૦૦૦/- ડીપોઝીટ પેટે જે તે સંબંધીત પેટા વિભાગીય કચેરીમાં ભરવા ઉપરોક્ત શોર્ટ લીસ્ટ જાહેર થયેના એક દિવસમાં જે તે અરજદારને પત્રથી જાણ કરશે. આ ડીપોઝીટની રકમ પત્રની તારીખથી **સાત દિવસની સમય મર્યાદામાં (જાહેર રજાના દિવસો સિવાય)** ભરવાની રહેશે.

x. ડીપોઝીટ ભરવાની સમય મર્યાદા પેટાવિભાગીય કચેરીના પત્રની તારીખથી **સાત દિવસની (જાહેર રજાના દિવસો સિવાય) રહેશે.** આ સમય મર્યાદામાં ડીપોઝીટની રકમ ભરવામાં નહીં આવ્યે અરજી પોર્ટલ પરથી રદ કરવામાં આવશે અને અરજદારે નવેસરથી અરજી કરવાની રહેશે.

xi. ડીપોઝીટની રકમ જે તે સંબંધીત પેટા વિભાગીય કચેરીમાં ભર્યા બાદ ડોક્યુમેન્ટ તપાસણી ત્રણ **દિવસમાં** કરવામાં આવશે અને લાભાર્થીએ પેટાવિભાગીય કચેરીએ 'આધાર' ઓથેંટિકેશન કરાવવાનું રહેશે. જરૂરી દસ્તાવેજની પૂર્તતા માટે **સાત દિવસની સમય મર્યાદા (જાહેર રજાના દિવસો સિવાય) આપવામાં આવશે.** આ સમય મર્યાદામાં જરૂરી દસ્તાવેજની પૂર્તતા ન થતાં અરજી પોર્ટલ પરથી રદ કરવામાં આવશે અને અરજદારે પછી નવેસરથી અરજી કરવાની રહેશે.

xii. ઉપરોકત રદ થયેલ અરજીઓના સ્થાને ત્યાર પછીની અગ્રતા ક્રમમા આવતી અરજીઓને સ્થાન આપવામાં આવશે અને તે અંગે ઉપર મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

xiii. ચાલુ વર્ષ 2020-21 દરમ્યાન અરજીઓ પોર્ટલ પર સ્વીકારવાની સમય મર્યાદા, માર્ચ-2021 અથવા ચાલુ વર્ષની નાણાકીય જોગવાયની મર્યાદા, જે પહેલા પુર્ણ થાય ત્યાં સુધીની રહેશે.

7. આ યોજનામાં જોડાવા માગતા અરજદારોએ GUVNL વતી PGVCL દ્વારા માન્ય કરેલ એજન્સી (Empanelled Agency)ની યાદીમાંથી કોઈ એક સોલાર એજન્સીની પસંદગી કરવાની રહેશે. આ એજન્સીઓની યાદી તેમના ઈ-મેઈલ અને ફોન નંબર સાથે દરેક વીજવિતરણ કંપનીએ તેની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની રહેશે અને તેના તાબા હેઠળની દરેક વીજ કચેરીએ નોટિશ બોર્ડ પર મૂકવાની રહેશે.

8. જે તે અરજદાર તેમના વતી માન્ય એજન્સી (Empanelled Agency) દ્વારા સ્ટેટ પોર્ટલ પર જરૂરી દસ્તાવેજો સાથે ઓન લાઇન અરજી નોંધણી કરાવશે.

9. જે તે વીજ વિતરણ કંપનીના પેટાવિભાગીય કચેરીના ટેકનિકલ શાખાએ ડીપોઝિટ ભરવા માટે ઉપરોક્ત લિસ્ટ જાહેર થયાના દિવસે જ Service Request (SR) જનરેટ કરવાની રહેશે અને ડિપોઝિટ ભરપાઈ થયા બાદ બિલિંગ શાખા દ્વારા દસ્તાવેજોની ખરાઈ કર્યા બાદ નાયબ ઈજનેરે અરજીનું રજીસ્ટ્રેશન પોર્ટલ પર કન્ફર્મ કરવાનું અથવા તો રિજેક્ટ કરવાનું રહેશે. આ માટે દર માસના અંત પહેલા ઉપરોક્ત કામગીરી પુર્ણ કરવાની રહેશે.

10. જે અરજદારોએ પરંપરાગત વીજજોડાણ માટે અંદાજપત્રની રકમ ભરી દીધી હશે તેમને આ યોજનામાં ભરવી પડતી ફાળાની રકમ સામે આ રકમ સરભર કરી આપવામાં આવશે.

11. આ યોજનામાં અરજી કરનાર તમામ અરજદારોએ/અરજદારો વતી માન્ય એજન્સીએ ઉપરોક્ત શરત 6. માં દર્શાવ્યા મુજબ રૂ. ૧૦૦૦/- ડીપોઝીટ પેટે જે તે સંબંધીત પેટા વિભાગીય કચેરીમાં ભરવાના રહેશે. પાત્રતા ધરાવતા અરજદારોની ડીપોઝીટની રકમ પંપ સેટ્સ માટે ભરવાની થતી ફાળાની રકમ સામે સરભર કરી આપવામાં આવશે.

12. પાત્રતા ધરાવતા અરજદારે એમએનઆરઈ થકી EOI પ્રક્રિયાથી નિયત કરેલ સોલાર સિસ્ટમની કુલ કીંમતના ૪૦% ફાળાની રકમ તથા વધારાની ભરવાપાત્ર રકમ સંલગ્ન વીજ વિતરણ કંપનીની જે તે પેટા વિભાગીય કચેરી ખાતે એક મહિનામાં ભરપાઈ કરવાની રહેશે. આ રકમ ભરતી વખતે ડિપોઝીટની રકમ બાદ આપવામાં આવશે. ખાસ સંજોગોમાં ફાળાની ૪૦% ની રકમ એક મહિનામાં ન ભરી શકે તેવા કિસ્સામાં જે તે વીજ વીતરણ કંપનીના પ્રવર્તમાન નિયમ અનુસાર સમય મર્યાદા વધારી શકશે.

    ખેડૂતે નિયમાનુસાર ચૂકવવાપાત્ર ૪૦% ફાળાની રકમ અને ન મળવાપાત્ર થતી સબસિડીના તફાવતની રકમ મળી કુલ ભરવાપાત્ર રકમ ની ગણતરી પરિશિષ્ટ-'ખ-1', પરિશિષ્ટ-'ખ-2' અને પરિશિષ્ટ-'ખ-3' માં દર્શાવેલ છે.

    અરજીનું રજીસ્ટ્રેશન પોર્ટલ પર કન્ફર્મ કર્યા બાદ તરત જ પેટાવિભાગીય કચેરીના નાયબ ઈજનેરે અરજદારે પસંદ કરેલ સોલર પંપના ટાઈપ, કેટેગરી અને ક્ષમતા અનુસાર પરિશિષ્ટ-'ખ-1'/ પરિશિષ્ટ-'ખ-2'/ પરિશિષ્ટ-'ખ-3' માં દર્શાવેલ લાગુ પડતા સોલાર પંપ માટે ખેડૂતના ૪૦% ફાળાની રકમ અને ન મળવાપાત્ર થતી સબસિડીના તફાવતની રકમ મળી કુલ ભરવાપાત્ર રકમનું ભાવપત્ર (Firm Quotation) જે તે અરજદારને રજી. એ. ડી. ટપાલ દ્વારા મોકલવાનું રહેશે. અરજદારને અને તેમણે પસંદ કરેલ એજન્સીને તેમના ઇ-મેઇલ ID પર પણ આ ભાવપત્રની scan કરેલ કોપી મોકલવાની રહેશે.

13. દરેક વીજ વિતરણ કંપની દ્વારા ચાલુ નાણાકીય વર્ષની સબસિડીની માંગણી સ્ટેટ નોડલ એજન્સી (GUVNL)ને અગાઉથી મોકલવાની રહેશે. રાજ્ય/કેન્દ્ર સરકાર તરફથી મળનાર સબસિડી દરેક વીજ વિતરણ કંપનીને તેમના DISCOMમાં અગ્રતાક્રમ મુજબની અરજીઓના સપ્રમાણમા ફાળવવામાં આવશે.

14. સોલાર પંપ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી પાંચ વર્ષ સુધી સરકારની રહેશે. આ સમયગાળો પૂર્ણ થયા બાદ લાભાર્થી પરંપરાગત કૃષિ વીજ જોડાણ માંગી શકશે. પરતું સોલારપંપ સીસ્ટમને ગ્રીડ સાથે જોડવાની રહેશે અને તે માટે ગ્રીડ ટાઇ ઇન્વર્ટરનો થનાર ખર્ચ લાભાર્થીએ ભરવાનો રહેશે.

15. સોલાર પંપ, પેનલ તથા અન્ય માળખાની જાળવણી માટે જરૂરી ફેન્સીંગ લાભાર્થીઓએ સ્વખર્ચે કરાવવાની રહેશે તથા સોલાર સિસ્ટમની સંપૂર્ણ જવાબદારી લાભાર્થીની રહેશે તથા લાભાર્થી પોતાની જમીનમાંથી સોલાર ઉર્જા પંપ અન્યત્ર ખસેડી શકશે નહી કે કોઈને તબદીલ કરી શકશે નહીં.

16. સોલાર ઉર્જા પંપના સ્થાપન બાદ જો લાભાર્થી ૫ (પાંચ) વર્ષમાં પોતાની જમીનનું વેચાણ કરે/જમીનનો હેતુ ફેર કરાવે તો તેણે સબસીડીની તમામ રકમ સંબધીત વીજ વિતરણ કંપનીને પરત કરવાની રહેશે.

17. સોલાર પેનલ દ્વારા ઉત્પન્ન થતી વીજળી ખેડૂત પોતાના વપરાશ માટે ઉપયોગ કરી શકશે. વીજ વીતરણ કંપની દ્વારા સોલાર ઉર્જાના વપરાશના યુનિટની નોંધણી કરવામાં આવશે પરંતુ તેનું બિલીંગ કરવામાં આવશે નહી. આ માટે કોઈ પણ પ્રકારનો વીજ દર (ટેરીફ) લાગુ પડશે નહી.

18. અરજદારને આ હેતુ માટે કરેલ એક જ સમાન રોકાણ માટે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારની બીજી કોઈ પણ યોજના હેઠળ અન્ય કોઈ લાભ મળી શકશે નહિ. જો અરજદારે સરકારશ્રીની બીજી કોઈ પણ યોજના હેઠળ કોઈ લાભ લીધો હોય તેવું જણાશે તો સબસીડીની રકમ તાત્કાલિક ધોરણે વસુલ કરવામાં આવશે. ખાસ કિસ્સામાં સરકારશ્રીની મંજૂરી મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

19. જે તે માન્ય એજન્સી (Empanelled Agency) દ્વારા સોલર સિસ્ટમને EOI ની શરતો અને ટેકનિકલ સ્પેસિફિકેશન મુજબ સફળતાપૂર્વક સ્થાપિત અને કાર્યાન્વિત કર્યા બાદ વીજવિતરણ કંપનીના સંલગ્ન પેટાવિભાગીય કચેરીના નાયબ ઈજનેરશ્રી દ્વારા પ્રમાણિત થયે વીજવિતરણ કંપનીની કોર્પોરેટ કચેરી જે તે એજંસીને બિલની રકમની ચુકવણી ઓર્ડરની શરતો ને આધીન કરવાની રહેશે.

20. ઉપરોક્ત બાબતો સિવાય વખતો વખત એમએનઆરઇ દ્વારા બહાર પાડવામાં આવતી ગાઈડ લાઈન્સ/સુચના/નિયમો લાગુ પડશે.

21. સદર યોજનાની જોગવાઈના અમલીકરણ કે અર્થઘટનની સમસ્યાનું નિવારણની સત્તા ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ, ગુજરાત સરકારને હસ્તક રહેશે.

22. ભવિષ્યમાં આ પરિપત્ર અને આ વિષયમાં જે સુધારા વધારા થાય તે તમામ સંબંધ કર્તાઓને બંધનકર્તા રહેશે. આ પરિપત્રના અર્થઘટનની સમસ્યાનું નિવારણની સત્તા GUVNL ને હસ્તક રહેશે.

આ પરિપત્રની શરતો મુજબ દરેક વીજ વિતરણ કંપનીએ PM -KUSUSM Component -B ની અમલવારી કરવાની રહેશે. આ પરિપત્રની જાણ આપની કક્ષાએથી તમામ ક્ષેત્રીય કચેરીઓને અમલીકરણ અર્થે કરવા વિનંતી.

૨૪/૮/૨૦

(આર. બી. પટેલ)
કા.વા. મુખ્ય ઇજનેર(ટેક)

બિડાણ:

1. ઉ અને પેટ્રો. વિભાગનો ઠરાવ ક્રમાંક: બજટ/૨૦૧૪/૧૪૪૭/બ૧ તા.૧૯/૬/૨૦૨૦,
2. પરિશિષ્ટ-ક: MNRE દ્વારા નિયુકત કરેલ સેન્ટ્રલ પીએસયુ EESL દ્વારા નિયત કરેલ માન્ય એજન્સી (Empanelled Agency) ની યાદી
3. પરિશિષ્ટ-'ખ-1', 'ખ-2', 'ખ-3' : કેપેસીટી વાઈઝ, પંપ ટાઈપ વાઇઝ સોલાર વોટર પમ્પનું ભાવ પત્રક, સબસિડી અને ખેડૂતે ચૂકવવાપાત્ર ફાળાની રકમ
4. પરિશિષ્ટ-ગ: યુનિવર્સલ સોલર પમ્પ કંટ્રોલર માટે નિયત કરેલ એજન્સી અને તેનું ભાવ પત્રક
5. પરિશિષ્ટ-ઘ: MNRE & EPD ના પત્ર સંદર્ભો ની યાદી
6. પરિશિષ્ટ-જ: યોજનામાં જોડાવાનું અરજી પત્રકનો નમૂનો

**પ્રતિ,**

**મેનેજીંગ ડીરેકટરશ્રી**

**દક્ષિણ - મધ્ય - ઉત્તર - પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની**

**રજી. અને કોર્પોરેટ ઓફીસ**

**<u>સુરત - વડોદરા - મહેસાણા – રાજકોટ</u>**

નકલ સાદર રવાના -

1. મેનેજીંગ ડીરેકટરશ્રી, જીયુવીએનએલ,વડોદરા.
2. અધિક સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના -

1. મુખ્ય ઈજનેરશ્રી (પ્રોજેકટ )કોર્પોરેટ ઓફિસ ,દક્ષિણ - મધ્ય. - ઉત્તર - પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની, સુરત - વડોદરા - મહેસાણા – રાજકોટ
2. જનરલ મેનેજર (F&A /આઈ.ટી. ), જીયુવીએનએલ, વડોદરા.
3. જનરલ મેનેજર (F&A) કોર્પોરેટ ઓફિસ ,દક્ષિણ - મધ્ય - ઉત્તર - પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની, સુરત - વડોદરા - મહેસાણા – રાજકોટ
4. ઉપસચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. લાયઝન ઓફિસરશ્રી, માન. ઉર્જા મંત્રીશ્રીનુ કાર્યાલય, પહેલો માળ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
6. સરકારી સંદર્ભ વિભાગ, જીયુવીએનએલ, વડોદરા

## 'પરિશિષ્ટ-ક'

## PM-KUSUM કમ્પોનન્ટ-બી અમલીકરણ માટે MNRE & EESL દ્વારા એલોટ થયેલ અને GUVNL વતી PGVCL દ્વારા એમપાનેલ કરેલ એજન્સીઓની યાદી (તા. 28/08/2020 ની સ્થિતિએ)

| Sr. No. | Tender | Name of Agency Empanelled for Solar pump | Eligible for pump category | |
|---|---|---|---|---|
| 1 | Up to 7.5 HP | M/s Premier Solar System Pvt. Ltd. | Submersible Pumps (Water Filled Motors) | **DC-1,2,3,5,7.5 HP**<br>**AC-1,2,3,5,7.5 HP** |
| 2 | | M/s Rotomag Motor & Controls Pvt. Ltd. | Submersible Pumps (Water Filled Motors) | **DC-1,2,3,5,7.5 HP**<br>**AC-1,2,3,5,7.5 HP** |
| | | | Surface Pumps | **DC-1,2,3,5,7.5 HP**<br>**AC-1,2,3,5,7.5 HP** |
| 3.1 | | M/s Shakti Pumps (I) Ltd. | Submersible Pumps (Water Filled Motors) | **DC-1, 7.5 HP**<br>**AC-7.5 HP** |
| | | | Surface Pumps | **DC-7.5 HP**<br>**AC-7.5 HP** |
| 4 | 10 HP | M/s Gautam Solar Pvt. Ltd. | Submersible Pumps (Water Filled Motors) | **DC-10 HP**<br>**AC-10 HP** |
| 5 | | M/s Neety Euro Asia Solar Energy | Submersible Pumps (Water Filled Motors) | **DC-10 HP**<br>**AC-10 HP** |
| | | | Surface Pumps | **DC-10 HP**<br>**AC-10 HP** |
| 6 | | M/s Sai Bubuji Projects Pvt. Ltd. | Submersible Pumps (Water Filled Motors) | **DC-10 HP**<br>**AC-10 HP** |
| | | | Surface Pumps | **DC-10 HP**<br>**AC-10 HP** |
| | | | Submersible Pumps (Oil Filled Motors) | **DC-10 HP**<br>**AC-10 HP** |
| 3.2 | | M/s Shakti Pumps (I) Ltd. | Submersible Pumps (Water Filled Motors) | **DC-10 HP**<br>**AC-10 HP** |
| | | | Surface Pumps | **DC-10 HP**<br>**AC-10 HP** |
| 7 | | M/s Solex Energy Ltd. | Submersible Pumps (Water Filled Motors) | **DC-10 HP**<br>**AC-10 HP** |
| | | | Surface Pumps | **DC-10 HP**<br>**AC-10 HP** |
| 8 | | M/s Tata Power Solar System Ltd. | Submersible Pumps (Water Filled Motors) | **DC-10 HP**<br>**AC-10 HP** |
| | | | Surface Pumps | **DC-10 HP**<br>**AC-10 HP** |
| | | | Submersible Pumps (Oil Filled Motors) | **DC-10 HP**<br>**AC-10 HP** |

નોંધ:- ઉપરોકત એજન્સીઓએ PGVCL સાથે તા. 28/08/2020 ની સ્થિતિએ એગ્રિમેંટ કરેલ છે અને CPG ભરેલ છે, બાકી રહેલ એજન્સીઓએ એગ્રિમેંટ કરતાં અને CPG ભરપાઈ કરતાં તેમનો ઉપરોકત યાદીમાં ઉમેરો કરવામાં આવશે.

પરિશિષ્ટ-ખ-1'

## કેપેસીટી વાઈઝ સોલાર વોટર પમ્પનું ભાવ પત્રક, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સબસીડી તથા ખેડૂતે ચૂકવવાપાત્ર ફાળાની રકમ (GST સાથેનાભાવ)

### સબમર્સિબલ પંપ (વોટર ફિલ્ડ ) માટે

| ક્રમ | પંપ ક્ષમતા (AC/DC ) | સોલર પંપ નો ભાવ (રૂ.) | GST@ 8.9% | સોલર પંપ નો GST સાથેનો ભાવ (રૂ.) | સબસીડી | | | ખેડૂતે ભરવાની રકમ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 30% કેન્દ્ર સરકારની સહાય (રૂ. ) | 30% રાજ્ય સરકારની સબસીડી (રૂ .) | કુલ સબસીડી (રૂ.) | 40% લેખે ખેડૂતનો ફાળો (રૂ.) | 7.5 HP થી ઉપરની ક્ષમતાના પંપ માટે ન મળવા પાત્ર સબસીડીની તફાવતની રકમ | ખેડૂતે ભરવાની કુલ રકમ ( 40% ફાળો વત્તા 7.5 HP ઉપર ન મળવા પાત્ર સબસિડી નો તફાવત) (રૂ.) |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 1 | **1 HP DC** | 95540 | 8503.06 | 104043 | 31213 | 31213 | 62426 | 41617 | 0 | **41617** |
| 2 | **2 HP DC** | 116835 | 10398.32 | 127233 | 38170 | 38170 | 76340 | 50893 | 0 | **50893** |
| 3 | **3 HP DC** | 155528 | 13841.99 | 169370 | 50811 | 50811 | 101622 | 67748 | 0 | **67748** |
| 4 | **5 HP DC** | 218513 | 19447.66 | 237961 | 71388 | 71388 | 142776 | 95184 | 0 | **95184** |
| 5 | **7.5 HP DC** | 323422 | 28784.56 | 352207 | 105662 | 105662 | 211324 | 140883 | 0 | **140883** |
| 6 | **10 HP DC** | 404000 | 35956.00 | 439956 | 105662 | 105662 | 211324 | 175982 | 52650 | **228632** |
| | | | | | | | | | | |
| 7 | **1 HP AC** | 88603 | 7885.67 | 96489 | 28947 | 28947 | 57893 | 38595 | 0 | **38595** |
| 8 | **2 HP AC** | 110994 | 9878.47 | 120872 | 36262 | 36262 | 72523 | 48349 | 0 | **48349** |
| 9 | **3 HP AC** | 152028 | 13530.49 | 165558 | 49668 | 49668 | 99335 | 66223 | 0 | **66223** |
| 10 | **5 HP AC** | 212402 | 18903.78 | 231306 | 69392 | 69392 | 138783 | 92522 | 0 | **92522** |
| 11 | **7.5 HP AC** | 308027 | 27414.40 | 335441 | 100632 | 100632 | 201265 | 134177 | 0 | **134177** |
| 12 | **10 HP AC** | 404000 | 35956.00 | 439956 | 100632 | 100632 | 201265 | 175982 | 62709 | **238691** |

પરિશિષ્ટ-ખ-2'

## કેપેસીટી વાઈઝ સોલાર વોટર પમ્પનું ભાવ પત્રક, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સબસીડી તથા ખેડૂતે ચૂકવવાપાત્ર ફાળાની રકમ (GST સાથેનાભાવ)

### સરફેસ પંપ માટે

| ક્રમ | પંપ ક્ષમતા (AC/DC ) | સોલર પંપ નો ભાવ (રૂ.) | GST@ 8.9% | સોલર પંપ નો GST સાથેનો ભાવ (રૂ.) | સબસીડી | | | ખેડૂતે ભરવાની રકમ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 30% કેન્દ્ર સરકારની સહાય (રૂ. ) | 30% રાજ્ય સરકારની સબસીડી (રૂ .) | કુલ સબસીડી (રૂ. ) | 40% લેખે ખેડૂતનો ફાળો (રૂ.) | 7.5 HP થી ઉપરની ક્ષમતાના પંપ માટે ન મળવા પાત્ર સબસીડીની તફાવતની રકમ | ખેડૂતે ભરવાની કુલ રકમ (40% ફાળો વત્તા 7.5 HP ઉપર ન મળવા પાત્ર સબસિડી નો તફાવત) (રૂ.) |
| **1** | **2** | **3** | **4** | **5** | **6** | **7** | **8** | **9** | **10** | **11** |
| 1 | **1 HP DC** | 85403 | 7600.87 | 93004 | 27901 | 27901 | 55802 | 37202 | 0 | **37202** |
| 2 | **2 HP DC** | 106776 | 9503.06 | 116279 | 34884 | 34884 | 69767 | 46512 | 0 | **46512** |
| 3 | **3 HP DC** | 149785 | 13330.87 | 163116 | 48935 | 48935 | 97870 | 65246 | 0 | **65246** |
| 4 | **5 HP DC** | 208549 | 18560.86 | 227110 | 68133 | 68133 | 136266 | 90844 | 0 | **90844** |
| 5 | **7.5 HP DC** | 310873 | 27667.70 | 338541 | 101562 | 101562 | 203124 | 135416 | 0 | **135416** |
| 6 | **10 HP DC** | 404000 | 35956.00 | 439956 | 101562 | 101562 | 203124 | 175982 | 60849 | **236832** |
| | | | | | | | | | | |
| 7 | **1 HP AC** | 84315 | 7504.04 | 91819 | 27546 | 27546 | 55091 | 36728 | 0 | **36728** |
| 8 | **2 HP AC** | 105922 | 9427.06 | 115349 | 34605 | 34605 | 69209 | 46140 | 0 | **46140** |
| 9 | **3 HP AC** | 145814 | 12977.45 | 158791 | 47637 | 47637 | 95275 | 63517 | 0 | **63517** |
| 10 | **5 HP AC** | 206412 | 18370.67 | 224783 | 67435 | 67435 | 134870 | 89913 | 0 | **89913** |
| 11 | **7.5 HP AC** | 300542 | 26748.24 | 327290 | 98187 | 98187 | 196374 | 130916 | 0 | **130916** |
| 12 | **10 HP AC** | 404000 | 35956.00 | 439956 | 98187 | 98187 | 196374 | 175982 | 67599 | **243582** |

પરિશિષ્ટ-ખ-૩’

## કેપેસીટી વાઈઝ સોલાર વોટર પમ્પનું ભાવ પત્રક, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સબસીડી તથા ખેડૂતે ચૂકવવાપાત્ર ફાળાની રકમ (GST સાથેનાભાવ)

### સબમર્સિબલ પંપ (ઓઇલ ફિલ્ડ ) માટે

| ક્રમ | પંપ ક્ષમતા (AC/DC ) | સોલર પંપ નો ભાવ (રૂ.) | GST@ 8.9% | સોલર પંપ નો GST સાથેનો ભાવ (રૂ.) | સબસીડી (સબમર્સીબલ પંપ ઓઇલ ફીલ્ડ મોટર માટે વોટર ફિલ્ડ મોટરના નિયત દર મુજબ મળવા પાત્ર સબસીડી ) | | | ખેડૂતે ભરવાની રકમ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 30% કેન્દ્ર સરકારની સહાય (રૂ. ) | 30% રાજ્ય સરકારની સબસીડી (રૂ . ) | કુલ સબસીડી (રૂ. ) | 40% લેખે ખેડૂતનો ફાળો (રૂ.) | સબમર્સીબલ પંપ (ઓઇલ ફીલ્ડ મોટર ) માટે અને 7.5 HP થી ઉપરની ક્ષમતાના પંપ માટે ન મળવા પાત્ર સબસીડીની તફાવતની રકમ | ખેડૂતે ભરવાની કુલ રકમ ( 40% ફાળો વત્તા ન મળવા પાત્ર સબસિડીના તફાવતની રકમ ) (રૂ.) |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 1 | **1 HP DC** | 101000 | 8989.00 | 109989 | 31213 | 31213 | 62426 | 43996 | 3568 | **47563** |
| 2 | **2 HP DC** | 127990 | 11391.11 | 139381 | 38170 | 38170 | 76340 | 55752 | 7289 | **63041** |
| 3 | **3 HP DC** | 166917 | 14855.61 | 181773 | 50811 | 50811 | 101622 | 72709 | 7442 | **80151** |
| 4 | **5 HP DC** | 236990 | 21092.11 | 258082 | 71388 | 71388 | 142776 | 103233 | 12073 | **115306** |
| 5 | **7.5 HP DC** | 335000 | 29815.00 | 364815 | 105662 | 105662 | 211324 | 145926 | 7565 | **153491** |
| 6 | **10 HP DC** | 422649 | 37615.76 | 460265 | 105662 | 105662 | 211324 | 184106 | 64835 | **248941** |
| | | | | | | | | | | |
| 7 | **1 HP AC** | 96500 | 8588.50 | 105089 | 28947 | 28947 | 57893 | 42035 | 5160 | **47195** |
| 8 | **2 HP AC** | 123990 | 11035.11 | 135025 | 36262 | 36262 | 72523 | 54010 | 8492 | **62502** |
| 9 | **3 HP AC** | 165590 | 14737.51 | 180328 | 49668 | 49668 | 99335 | 72131 | 8861 | **80992** |
| 10 | **5 HP AC** | 236000 | 21004.00 | 257004 | 69392 | 69392 | 138783 | 102802 | 15419 | **118221** |
| 11 | **7.5 HP AC** | 335000 | 29815.00 | 364815 | 100632 | 100632 | 201265 | 145926 | 17624 | **163550** |
| 12 | **10 HP AC** | 417784 | 37182.78 | 454967 | 100632 | 100632 | 201265 | 181987 | 71715 | **253702** |

| પરિશિષ્ટ-ગ' | | | | | |
|---|---|---|---|---|---|
| યુનિવર્સલ સોલર પમ્પ કંટ્રોલર (USPC) માટે નિયત કરેલ એજન્સી અને તેનું ભાવ પત્રક (GST સાથેનાભાવ) | | | | | |
| | | | | | |
| ક્રમ | **પંપ ક્ષમતા (AC/DC )** | **USPC નો ભાવ (રૂ.)** | GST@ 8.9% | **ખેડૂતે ભરવા પાત્ર USPC નો GST સાથેનો ભાવ (રૂ.)** | **USPC માટેની એજન્સી** |
| **1** | **2** | **3** | **4** | **5** | **10** |
| 1 | **3 HP DC** | 27000 | 2403.00 | 29403 | M/s Shakti, Rotomag Premier |
| 2 | **5 HP DC** | 28500 | 2536.50 | 31037 | |
| 3 | **7.5 HP DC** | 30000 | 2670.00 | 32670 | |
| 4 | **3 HP AC** | 27000 | 2403.00 | 29403 | |
| 5 | **5 HP AC** | 29000 | 2581.00 | 31581 | |
| 6 | **7.5 HP AC** | 30000 | 2670.00 | 32670 | |
| 7 | **10 HP DC** | 55000 | 4895.00 | 59895 | Shakti, Tata, Solex |
| 8 | **10 HP AC** | 55000 | 4895.00 | 59895 | |

નોંધ: - યુ.એસ.પી.સી. સાથેની સોલાર પંપ સિસ્ટમનો વધારાનો ખર્ચ ખેડૂતે ભરપાઈ કરવાનો રહેશે.

## 'પરિશિષ્ટ-ઘ'

MNRE & EPD ના પત્ર સંદર્ભો ની યાદી

1) MNRE વિભાગનો ઠરાવ ક્રમાંક : ૩૨/૬૪૫/૨૦૧૭-એસપીવી ડીવીજન તા-૮.૦૩.૨૦૧૯
2) MNRE વિભાગનો ઠરાવ ક્રમાંક : ૩૨/૬૪૫/૨૦૧૭-એસપીવી ડીવીજન તા-૨૨.૦૭.૨૦૧૯
3) MNRE વિભાગનો ઠરાવ ક્રમાંક : ૩૨/૫૪/૨૦૧૮-એસપીવી ડીવીજન તા-૧૩.૦૮.૨૦૧૯
4) MNRE વિભાગનો ઠરાવ ક્રમાંક : ૩૨/૬૪૫/૨૦૧૭-એસપીવી ડીવીજન તા-૧૯.૦૮.૨૦૧૯
5) MNRE વિભાગનો ઠરાવ ક્રમાંક : ૩૨/૫૪/૨૦૧૮-એસપીવી ડીવીજન તા-૧૫.૦૧.૨૦૨૦
6) MNRE વિભાગનો પત્ર ક્રમાંક : ૩૨/૫૪/૨૦૧૮-એસપીવી ડીવીજન તા-૫.૦૨.૨૦૨૦
7) MNRE વિભાગનો પત્ર ક્રમાંક : ૩૨/૫૪/૨૦૧૮-એસપીવી ડીવીજન તા-૭.૦૫.૨૦૨૦
8) ઉર્જા અને પેટ્રો. વિભાગનો ઠરાવ ક્રમાંક : બજટ-૨૦૧૪-૧૪૪૭-બ૧ તા-૧૯.૦૬.૨૦